**પોલીસ અધિક્ષકની કચેરી, અમદાવાદ ગ્રામ્ય, અમદાવાદ.**
**સરખેજ-ગાંધીનગર હાઇવે, દિવ્ય ભાસ્કર પ્રેસની બાજુમાં, મકરબા, અમદાવાદ-૩૮૦૦૫૫ (ગુ.રા.)**
**કંટ્રોલ નં.૨૬૮૯૧૧૧૫, ૨૬૮૯૧૧૬૮, ફેકસ નં.૨૬૮૯૧૨૨૭.**
**ઇ-મેઇલ: sp-ahd@ gujarat.gov.in**
**વેબસાઇટ: www.spahmedabad.gujarat.gov.in**

---

# જીલ્લા પોલીસ ગેઝેટ નંબર-૧૨/૨૦૧૨
## તા.૨૪/૦૩/૨૦૧૨ થી તા.૩૧/૦૩/૨૦૧૨ સુધી
## પોલીસ અધિક્ષકશ્રીની કચેરી અમદાવાદ ગ્રામ્ય અમદાવાદ.

---

ક્રમાંકઃ-મકમ/૨જમ/એસબી-૩/ડીપીજી-૧૨/ /૨૦૧૨
પોલીસ અધિક્ષકશ્રીની કચેરી,
અમદાવાદ ગ્રામ્ય, એસ.જી.હાઇવે, અમદાવાદ-૫૫.
તારીખઃ- /૦૪/૨૦૧૨

---

**વિભાગ - ૧- નિમણુંક :- નીલ**
**વિભાગ - ૨- ઈન્ક્રીમેન્ટ :- નીલ**
**વિભાગ - ૩ –પ્રમોશન :- નીલ**
**વિભાગ - ૪ – પેફીકેશન :– નીલ**
**વિભાગ - ૫ -બદલી :-**

**ક.હુ. – ક્રમાંક:૧૦૪/મકમ/એસ.બી./રે.ઓ./વ.૧૧૪૭/૧૧૧૭૦/૨૦૧૨ તા.૨૯/૦૩/૨૦૧૨**

અત્રેની કચેરીની વાયરલેસ શાખામાં ફરજ બજાવતા રેડીઓ ઓપરેટરશ્રી ડી.એસ. ભામરે નાઓની જીસ્વાન કંટ્રોલ રૂમ ગાંધીનગર ખાતે પદરના ખર્ચે બદલી થતા તેઓને બદલીવાળી જગ્યાએ હાજર થવા સારૂ તા.૩૧/૦૩/૧૨ ના રોજ કચેરી સમય બાદ થી છુટા કરવામાં આવે છે.

**વિભાગ - ૬- નિવૃતી :- નીલ**
**વિભાગ - ૭- રાજીનામુ :- નીલ**
**વિભાગ - ૮- ડીસ્ચાર્જ :- નીલ**
**વિભાગ - ૯- રજા ;-**

**ક. હુ. – ક્રમાંક:મકમ/૨જમ/એસ.સી.-૨/વ.૧૦૪૪૯/૨૦૧૨ તા.૨૩/૦૩/૨૦૧૨**

અમદાવાદ ગ્રામ્ય જીલ્લામાં ફરજ બજાવતા નીચે જણાવેલ પોલીસ કર્મચારીની તેમના નામ સામે જણાવ્યા મુજબ છુટા થયા તારીખ થી બિન પગારી રજા મંજુર કરવામાં આવે છે.

| અ.નં. | કર્મચારીનું નામ, હોદ્દો, બ.નં., પો.સ્ટે. | રજાની વિગત. |
|---|---|---|
| ૧ | અ.લો.ર. અજયકુમાર કકનભાઇ બ.નં. ૮૫૬ બોપલ પો.સ્ટે. | મજકુર લોકરક્ષક નાઓને સામાજીક કામ અર્થે બહાર ગામ જવાનુ હોવાથી દિન - ૧૨ બિન પગારી રજા છુટા કર્યા તારીખ થી મંજુર કરવામાં આવે છે. |

**ક. હુ. – ક્રમાંક:૧૦૪/મકમ/૨જમ/વ.૧૦૭૭૬/૨૦૧૨ તા.૧૬/૦૩/૨૦૧૨**

પો.અધિ.શ્રી ખેડા – નડીયાદ નાઓના હુકમ ક્રમાંક:મકમ/૪/૨૬૦/એસ.બી./૨જા/૨૭૧૦/૧૨ તા.૦૬/૦૩/૨૦૧૨ અન્વયે નીચે જણાવેલ પોલીસ કર્મચારીઓની નામ સામે જણાવેલ સમયની બીન પગારી રજા મંજુર કરવામાં આવેલ છે.

Created by Neevia Document Converter trial version http://www.neevia.com

| અ.નં. | કર્મચારીનું નામ, હોદ્દો, | રજાની વિગત. |
|---|---|---|
| ૧ | રી.અ.લો.ર. હરદીપસિંહ જીતેન્દ્રસિંહ ઝાલા | તા.૧૪/૦૧/૨૦૧૨ થી તા.૧૫/૦૧/૨૦૧૨ દિન – ૨ |
| ૨ | રી.અ.લો.ર. સરદારસંગ ભરતસંગ રાઠોડ | તા.૨૪/૦૧/૨૦૧૨ દિન – ૧ |
| ૩ | રી.અ.લો.ર. લક્ષ્મણદેવ પ્રવિણસિંહ ચુડાસમા | તા.૧૭/૦૨/૨૦૧૨ થી તા.૧૮/૦૨/૨૦૧૨ દિન – ૨ |

**ક. હુ. – ક્રમાંક:મકમ/રજમ/એસ.સી-૨/વ.૧૦૧૩/૧૦૫૨૩/૨૦૧૨ તા.૨૬/૦૩/૨૦૧૨**

અમદાવાદ ગ્રામ્ય જીલ્લામાં ફરજ બજાવતા નીચે જણાવેલ પોલીસ કર્મચારીની તેમના નામ સામે જણાવ્યા મુજબ છુટા થયા તારીખ થી બીન પગારી તથા વળતર રજા મંજુર કરવામાં આવે છે.

| અ.નં. | કર્મચારીનું નામ, હોદ્દો, બ.નં., પો.સ્ટે. | રજાની વિગત. |
|---|---|---|
| ૧ | અ.લો.ર. રમેશભાઇ કંદુભાઇ બ.નં. ૭૯૨ સાણંદ પોસ્ટે | અ. લોકરક્ષક નાઓને એફ.વાય.બી.એ.ની પરીક્ષા ની તૈયારી કરવા સારૂ તા.૨૭/૦૩/૧૨ થી તા.૧૩/૦૪/૧૨ સુધી દિન - ૧૮ ની વળતર રજા તથા તા.૧૪/૦૪/૧૨ થી તા.૧૭/૦૪/૧૨ સુધી દિન-૦૪ ની બીન પગારી રજા તરીકે છુટા કર્યા તારીખ થી રજા મંજુર કરવામાં આવે છે. |

**ક. હુ. – ક્રમાંક:મકમ/રજમ/એસ.સી-૩/વ.૧૦૫૮૪/૨૦૧૨ તા.૨૬/૦૩/૨૦૧૨**

અમદાવાદ ગ્રામ્ય જીલ્લાના નીચે જણાવેલ પોલીસ કર્મચારીની નામ સામે જણાવ્યા મુજબ ની હકક રજા મંજુર કરવામાં આવે છે.

| અ.નં | નામ, હોદ્દો, બ.નં. પો.સ્ટે. | મંજુર કરેલ હકક રજાની વિગત |
|---|---|---|
| ૧ | ડ્રા.પો.કો. વિજયકુમાર વસરામભાઇ બ.નં. ૨૧ એમ.ટી. હાલ કયુ.આર.ટી. અ.રૂ | મજકુરને વતનમાં સામાજીક તેમજ ધાર્મિક કામે જવાનુ હોય છુટા થયા તારીખથી દિન-૪૫ ની હક્ક રજા મંજૂર કરવામાં આવે છે. |

**ક. હુ. – ક્રમાંક:મકમ/એસ.સી-૩/સી.ગે.નિકાલ/૧૦૫૮૩/૨૦૧૨ તા.૨૬/૦૩/૨૦૧૨**

અત્રેના જીલ્લાના નીચે જણાવેલ પોલીસ કર્મચારીઓની તેઓના નામ સામે જણાવ્યા મુજબ સીક/ગે.હા. સમયનો આથી નિકાલ કરવામાં આવે છે.

| અ.નં. | નામ/હોદો/બ.નં. | સીક/ગે.હા.નિકાલ ની વિગત |
|---|---|---|
| ૧ | આ.લો.ર. ધીરજકુમાર સગરામભાઇ બ.નં. ૦૨૮ સૈજપુર પોલીસ હેડકવાટર્સ | મજુકરની તા.૦૯/૦૨/૧૨ થી તા.૧૪/૨/૧૨ સુધી દિન- ૬ ગે.હા. પડેલ અને કોઇપણ પ્રકારની લેખીત કે મોખિક જાણ કરેલ ન હોય દિન - ૬ ની બીન પગારી રજા મંજુર કરવામાં આવે છે. |
| ૨ | આ.લો.ર. કિરણકુમાર શીવાભાઇ બ.નં. ૫૧ સૈજપુર પોલીસ હેડકવાટર્સ | મજુકરની તા.૨૯/૧/૧૨ થી તા.૧૫/૦૨/૧૨ સુધી દિન- ૧૮ ગે.હા. પડેલ અને કોઇપણ પ્રકારની લેખીત કે મોખિક જાણ કરેલ ન હોય દિન - ૧૮ ની બીન પગારી રજા મંજુર કરવામાં આવે છે. |
| ૩ | આ.એ.એસ.આઇ. છગનભાઇ કોદરભાઇ બ.નં. ૯૯૬ સૈજપુર પોલીસ હેડકવાટર્સ | મજુકરની તા.૧૫/૧૨/૧૧ થી તા.૧૭/૦૨/૧૨ સુધી દિન- ૬૫ સીક/ગે.હા. રહેલ જે તબીબી પ્રમાણ પત્ર અધારે દિન - ૬૫ ની રૂપાંતરીત રજા મંજુર કરવામાં આવે છે. |

**ક. હુ. – ક્રમાંક:મકમ/એસ.સી-૩/સી.ગે.નિકાલ/૧૦૫૮૬/૨૦૧૨ તા.૨૬/૦૩/૨૦૧૨**

અમદાવાદ ગ્રામ્ય જીલ્લાના સૈજપુર પોલીસ હેડકવાટર્સ ખાતે ફરજ બજાવતા આ.પો.કો. ગોપાલજી વીરાજી બ.નં. ૧૫૭ નાઓએ સીક યાદી લીધેલ ન હોય અને ગે.હા. ની જાણ

Created by Neevia Document Converter trial version http://www.neevia.com

કરેલ ન હોય તા.૦૪/૦૧/૨૦૧૨ થી તા.૦૫/૦૨/૨૦૧૨ સુધી દિન– ૩૩ ની બીન પગારી રજા મંજુર કરવામાં આવે.

**ક. હુ. – ક્રમાંક:મકમ/એસ.સી-૩/સી.ગે.નિકાલ/૧૦૫૮૫/૨૦૧૨ તા.૨૬/૦૩/૨૦૧૨**

અમદાવાદ ગ્રામ્ય જીલ્લાના સૈજપુર પોલીસ હેડકવાટર્સ ખાતે ફરજ બજાવતા આ.પો.કો. રજનીકાન્ત કાનજીભાઇ બ.નં. ૨૮૫ નાઓ તા.૧૯/૦૧/૨૦૧૨ થી તા.૨૯/૦૧/૨૦૧૨ સુધી દિન– ૧૨ ગે.હા. પડેલ જે તબીબી પ્રમાણપત્ર આધારે દિન- ૧૨ ની હકક રજા મંજુર કરવામાં આવે છે.

**ક. હુ. – ક્રમાંક:મકમ/રજમ/એસ.સી-૨/વ.૧૦૧૪/૧૦૭૮૩/૨૦૧૨ તા.૨૬/૦૩/૨૦૧૨**

અમદાવાદ ગ્રામ્ય જીલ્લામાં ફરજ બજાવતા નીચે જણાવેલ પોલીસ કર્મચારીઓની તેમના નામ સામે જણાવ્યા મુજબ છુટા થયા તારીખ થી હકક રજા મંજુર કરવામાં આવે છે.

| અ.નં. | કર્મચારીનું નામ, હોદ્દો, બ.નં., પો.સ્ટે. | હકક રજાની વિગત. |
|---|---|---|
| ૧ | વુ.એ.એસ.આઇ રૂપલબેન ધુળાભાઇ બ.નં. ૫૪૫ મહીલા પોસ્ટે અ.રૂ | વુ.એ.એસ.આઇને પોતાની નણંદ ના લગ્ન હોવાથી દિન- ૩૦ ની હકક રજા છુટા થયા તારીખ થી ટર્ન મુજબ મંજુર કરવામાં આવે છે. |
| ૨ | વુ.હે.કો. કલ્પનાબેન સાંકળાજી બં.નં.૯૩૨ એલ.આઇ.બી.શાખા અ.રૂ. | વુ.હે.કોને પોતાના મકાનના રીપેરીંગ અને સામાજીક કામ માટે દિન- ૨૫ ની હકક રજા છુટા થયા તારીખ થી ટર્ન મુજબ મંજુર કરવામાં આવે છે. |
| ૩ | અ.એ.એસ.આઇ પ્રવિણકુમાર વરવાભાઇ બં.નં.૬૮૫ એલ.આઇ.બી.શાખા અ.રૂ. | અ.એ.એસ.આઇ. ને ધાર્મિક કામે બહારગામ જવાનુ હોવાથી તા.૧૬/૦૪/૧૨ થી તા.૨૫/૦૪/૧૨ સુધી દિન- ૧૦ ની હકક રજા મંજુર કરવામાં આવે છે. |

**ના.પો.અધિ. સરખેજ વિભાગ ના ક્રમાંક:વહટ/હકક રજા/૧૦૮૮/૨૦૧૨, તા.૨૩/૦૩/૨૦૧૨**

**સરખેજ** ડીવીઝનના નીચે જણાવેલ પોલીસ કર્મચારીઓની માંગણી મુજબની હકક રજા તેઓના નામ સામે જણાવ્યા મુજબની ટર્ન મુજબ મંજુર કરવામાં આવેલ છે.

| અ.નં | નામ હોદ્દો તથા બકલ નંબર | મંજુર કરેલ હકક રજા |
|---|---|---|
| ૧ | આ.હે.કો. શંકરભાઇ ચંદુભાઇ બ.નં. ૨૪૦ સાણંદ પો.સ્ટે. | મજકુર ની દિન – ૧૫ ની હકક રજા મંજુર કરવામાં આવે છે. |
| ૨ | એ.એસ.આઇ. છત્રસિંહ મનુજી બ.નં. ૬૯૪ સાણંદ પો.સ્ટે. | મજકુર ની દિન – ૩૦ ની હકક રજા મંજુર કરવામાં આવે છે. |

**ના.પો.અધિ. ધોળકા વિભાગ ના જા.નં. ૮૬૫/૨૦૧૨, તા.૨૫/૦૩/૨૦૧૨**

**ધોળકા** ડીવીઝનના નીચે જણાવેલ પોલીસ કર્મચારીઓની માંગણી મુજબની હકક રજા તેઓના નામ સામે જણાવ્યા મુજબની ટર્ન મુજબ મંજુર કરવામાં આવેલ છે.

| અ.નં | નામ હોદ્દો તથા બકલ નંબર | મંજુર કરેલ હકક રજા |
|---|---|---|
| ૧ | એ.એસ.આઇ. કેશાભાઇ જોઇતાભાઇ બ.નં. ૭૫૪ ધંધુકા પો.સ્ટે. | મજકુર ની દિન – ૩૦ ની હકક રજા મંજુર કરવામાં આવે છે. |
| ૨ | અ.હે.કો. હરજીભાઇ છગનભાઇ બ.નં. ૧૦૦૫ ધંધુકા પો.સ્ટે. | મજકુર ની દિન – ૧૫ ની હકક રજા મંજુર કરવામાં આવે છે. |

Created by Neevia Document Converter trial version http://www.neevia.com

| | | |
|---|---|---|
| ૩ | આ.પો.કો. ભરતભાઇ ભગવાનભાઇ બ.નં. ૩૭૧ કોઠ | મજકુર ની દિન – ૩૦ ની હકક રજા મંજુર કરવામાં આવે છે. |
| ૪ | એ.એસ.આઇ. અબ્દુલરહેમાન ઉસ્માનમીયા બ.નં. ૭૭૧ બાવળા પો.સ્ટે. | મજકુર ની દિન – ૩૦ ની હકક રજા મંજુર કરવામાં આવે છે. |
| ૫ | એ.એસ.આઇ. મહીપતસિંહ રતનસિંહ બ.નં. ૧૦૪૨ બાવળા | મજકુર ની દિન – ૩૦ ની હકક રજા મંજુર કરવામાં આવે છે. |

**ક. હુ. – ક્રમાંક:મકમ/રજમ/એસ.સી.-૨/વ.૧૦૨૮/૧૦૮૨૪/૨૦૧૨ તા.૨૭/૦૩/૨૦૧૨**

અમદાવાદ ગ્રામ્ય જીલ્લામાં ફરજ બજાવતા નીચે જણાવેલ પોલીસ કર્મચારીઓની તેમના નામ સામે જણાવ્યા મુજબ છુટા થયા તારીખ થી હકક રજા મંજુર કરવામાં આવે છે.

| **અ.નં.** | **કર્મચારીનું નામ, હોદ્દો, બ.નં., પો.સ્ટે.** | **હકક રજાની વિગત.** |
|---|---|---|
| ૧ | વુ.હે.કો. હિનાબેન સ્નેહલભાઇ બ.નં. ૧૧૪૪ મહિલા પો.સ્ટે. | વુ.હે.કો. નાઓના બાળકોની પરીક્ષા હોવાથી તેમજ ધાર્મિક કામ સારૂ દિન - ૩૦ ની હકક રજા છુટા થયા તારીખ થી ટર્ન મુજબ મંજુર કરવામાં આવે છે. |
| ૨ | અ.એ.એસ.આઇ. કનુભાઇ ખેંગારભાઇ બ.નં. ૮૯૭ એમ.ઓ.બી. અ.રૂ | અ.એ.એસ.આઇ. નાઓના મોટા ભાઇ નાઓનુ તા.૧૩/૦૩/૨૦૧૨ ના રોજ અવશાન થયેલ હોય ધાર્મિક તેમજ સામાજીક ક્રિયા સારૂ તા.૧૩/૦૩/૧૨ થી તા.૨૭/૦૭/૨૦૧૨ સુધી દિન- ૧૫ ની હકક રજા મંજુર કરવામાં આવે છે. |

**ક. હુ. – ક્રમાંક:મકમ/એસ.સી.-૨/હકક રજા/સરન્ડર/વ.૧૦૭૫/૧૧૨૯૩/૨૦૧૨ તા.૩૦/૦૩/૨૦૧૨**

બાવળા પો.સ્ટે. માં ફરજ બજાવતા આ.એ.એસ.આઇ. યોગેન્દ્રસિંહ રામપુકારસિંહ બ.નં. ૧૧૦ નાઓ તા.૩૦/૧૧/૨૦૧૧ ના રોજ ક.સ. બાદ થી વયનિવૃત થયેલ હોય જેઓની આમુખ (૧) અને (૨) વાળા ઠરાવમાં કરેલ જોગવાઈ અનુસાર તેઓની લેણી નિકળતી દિન- ૧૧૨ ની હક રજાનું રોકડમાં રૂપાંતર મંજુર કરી તેઓને નાણા ચુકવવા આથી હુકમ કરવામાં આવે છે.

**ક. હુ. – ક્રમાંક:મકમ/એસ.બી.-૨/વતન પ્રવાસ/વ.૧૦૭૬/૧૧૨૯૨/૨૦૧૨ તા.૩૦/૦૩/૨૦૧૨**

અમદાવાદ **ગ્રામ્ય** જીલ્લાના બાવળા પોસ્ટે.માં ફરજ બજાવતા આ.એ.એસ.આઇ. યોગેન્દ્રસિંહ રામપુકારસિંહ બ.નં. ૧૧૦ નાઓ તા.૩૦/૧૧/૨૦૧૧ ના ક.સ.બાદ વય નિવૃત થયેલ. તેઓને વયનિવૃતી બાદ સરસામાન સહીત મુ.પો.મનીયા તા. જીરાદેઇ જી. સીવાન (બિહાર રાજય) વતન ખાતે જવાનુ હોય વતન પ્રવાસ રાહત મંજુર કરવા આમુખ(૧) વાળા રીપોર્ટથી વિંનતી કરતા આમુખ(૨) વાળા ઠરાવમાં કરેલ જોગવાઈ આધારે મજકુર આ.એ.એસ.આઈ.નું ઘરવખરીના સરસામાન સહિત એકતરફી વતન પ્રવાસ આથી મંજુર કરવામાં આવે છે.

| **અ.નં.** | **નામ અને હોદો** | **સંબંધ** | **ઉ.વ.** | **ટીકિટની સંખ્યા** |
|---|---|---|---|---|
| ૧ | શ્રી યોગેન્દ્રસિંહ રામપુકારસિંહ રાજપુત | પોતે | ૫૮ | ૧ |
| ૨ | શ્રીમતી વિદ્યાબેન યોગેન્દ્રસિંહ રાજપુત | પત્ની | ૫૭ | ૧ |

**<u>વિભાગ - ૧૦- સજા :-</u>**

**ક.હુ. – ક્રમાંક:મકમ/ખાત/૧૮૪/વ.૧૦૫૦૩/૨૦૧૨ તા.૨૬/૦૩/૨૦૧૨**

તમો અ.એ.એસ.આઇ. ઉદેસિંહ માનસિંહ બ.નં. ૭૭૪ વિઠલાપુર પો.સ્ટે. **નાઓએ પોતાની ફરજમાં બેદરકારી તથા નિષ્કાળજી દાખવેલ છે તે એવી રીતે કે,**

૨/- તમોને વિઠલાપુર પો.સ્ટે ફ.ગુ.ર.નં. ૩૧/૧૧ ઇ.પી.કો. કલમ ૩૨૪ વિગેરીની તપાસના કામે તા.૦૪/૧૧/૨૦૧૧ ના રોજ વિરમગામ કોર્ટમાં કેસ પેપરો સાથે હાજર રહેવા જણાવેલ પરંતુ તમો કોર્ટમાં હાજર રહેલ નહી જેથી નામદાર કોર્ટે પો.સ.ઇ. વિઠલાપુર ને જણાવેલ કે, એ.એસ.આઇ. ઉદેસિંહ

Created by Neevia Document Converter trial version http://www.neevia.com

માનસિંહ બ.નં. ૭૭૪ નાઓએ કોર્ટને ગેરમાર્ગે દોરવાની કોસીસ કરેલ તથા તહોમતદારોને પરોક્ષ રીતે મદદ કરેલ આમ, તમોએ પોતાની ફરજમાં ગંભિર પ્રકારની બેદરકારી અને નિષ્કાળજી દાખવેલ છે.

**<u>વિશેષ સમીક્ષા</u> :-**

કસુરદાર **અ.એ.એસ.આઇ. ઉદેસિંહ માનસિંહ બ.નં. ૭૭૪ વિઠલાપુર પો.સ્ટે.** નાઓને વંચાણ-૧ થી સીધી કારણદર્શક નોટીસ ઇશ્યુ કરવામાં આવેલ જેની બજવણી તેઓને તા.૦૭/૦૩/૨૦૧૨ ના રોજ થયેલ. તેઓએ વંચાણે - ૨ થી બચાવ નિવેદન રજુ કરેલ છે. બચાવ નિવેદનમાં તેઓએ પોતાના પારીવારીક સંજોગોને લીધે આવી શકેલ ન હતા આ કામે પોતે કોઇ પણ રીતે નામ. કોર્ટને ગેરમાર્ગે દોરવા પ્રયત્ન કરેલ નથી પોતે જાણી જોઇ ને કસુર કરેલ નથી કસુરદારની સ્પષ્ટતા વંચાણે લેવામાં આવેલ છે. કસુરદારે પોતાની પત્નિની સારવારના કોઇ સર્ટી રજુ કરેલ નથી કસુરદારે પી.એસ.ઓ. ભારતસિંહ ને જાણ કરેલ હોય તેવા કોઇ પુરાવા રજુ કરેલ નથી તથા ખરેખર નામદાર કોર્ટ તરફ થી હાજર રહેવા હુકમ હોય પો.સ્ટે. ઇન્ચાર્જ ને જાણ કરવાની કસુરદારની ફરજ હતી આમ, તેઓનુ બચાવ નિવેદન સંતોષ કારક જણાતુ ન હોય સુચિત શિક્ષા કાયમ કરી નીચે મુજબ આખરી હુકમ કરૂ છુ.

**<u>આખરી હુકમ :-</u>**

હું રાજીવ રંજન ભગત આઇ.પી.એસ., પોલીસ અધિક્ષક, અમદાવાદ ગ્રામ્ય, અમદાવાદ નાઓને આથી મુંબઇ પોલીસ શિક્ષા અને અપીલ રૂલ્સ ૧૯૫૬ નિયમ - ૩ અન્વયે અમોને મળેલ સત્તાની રૂએ **અ.એ.એસ.આઇ. ઉદેસિંહ માનસિંહ બ.નં. ૭૭૪ વિઠલાપુર પો.સ્ટે.**નાઓને એક ઇજાફા એક વર્ષ માટે ભવિષ્યના ઇજાફાને અસર ન કરે તે રીતે અટકાવવાની શિક્ષા કરવા આખરી હુકમ કરૂ છુ.

**ક.હુ. – ક્રમાંક:મકમ/ખાત/૧૮૪/વ.૧૦૫૦૫/૨૦૧૨ તા.૨૬/૦૩/૨૦૧૨**

**તમો અ.હે.કો. ગીરીશભાઇ શીવાભાઇ બ.નં. ૯૯૨ સરખેજ પો.સ્ટે નાઓએ પોતાની ફરજમાં બેદરકારી તથા નિષ્કાળજી દાખવેલ છે તે એવી રીતે કે,**

**૨/-** તા.૦૨/૦૨/૨૦૧૧ ના રોજ સરખેજ પો.સ્ટે.માં તમો પી.એસ.ઓ. ચાર્જમાં હતા તે દરમ્યાન અરજદારશ્રી મેહુલ એમ મહેતા એડવોકેટ નાઓ આવેલા અને લેખિત અરજી ફરીયાદ આપી જતા રહેલા તમોએ આ અંગે ગુન્હો રજીસ્ટર કરેલ નહી કે, અરજી ઇન્વર્ડ કરાવેલ નહી કે, થાણા ઇન્ચાર્જશ્રીના ધ્યાન ઉપર પણ લાવેલા નહી અને અરજી બારોબાર બીટ હે.કો. પ્રવિણકુમાર જીવાભાઇ ને તપાસ અર્થે મોકલી આપેલી આમ, તમોએ ફરજ પ્રત્યે ગંભિર પ્રકારની બેદરકારી અને નિષ્કાળજી દાખવેલ છે.

**<u>વિશેષ સમીક્ષા</u> :-**

કસુરદાર **અ.હે.કો. ગીરીશભાઇ શીવાભાઇ બ.નં. ૯૯૨ સરખેજ પો.સ્ટે..** નાઓને વંચાણ-૧ થી સીધી કારણદર્શક નોટીસ ઇશ્યુ કરવામાં આવેલ જેની બજવણી તેઓને તા.૦૪/૦૩/૨૦૧૨ ના રોજ થયેલ. તેઓએ વંચાણે - ૨ થી બચાવ નિવેદન રજુ કરેલ છે. બચાવ નિવેદનમાં તેઓએ જણાવેલ છે કે, અરજદાર લેખિત અરજી આપી જતા રહેલા પોતે અરજદારને બેસવાનુ કહેતા અરજદારે પોતે વકિલ હોય હાલમાં ટાઇમ નથી મારી અરજી એજ મારી ફરીયાદ છે. તેમ કહી જતા રહેલા આ અરજી પોતે જે તે વખતના પો.ઇ.શ્રી ઝાલા સા. નાઓને આપતા તેઓએ સદર અરજી બીટ હે.કો. પ્રવિણભાઇ ને તપાસ અર્થે આપેલ પોતે ગુન્હો રજીસ્ટર કરવાની ના પાડેલ નથી કસુરદાર નો બચાવ જવાબ વંચાણે લેવામાં આવેલ છે. કસુરદારે અરજદારની અરજી ઇન્વર્ડ કરીને બીટ જમાદાર ને આપવાની જરૂર તેઓનુ બચાવ જવાબ અશંત: ગ્રાહ્ય રાખી નીચે મુજબ આખરી હુકમ કરૂ છુ.

**<u>આખરી હુકમ :-</u>**

હું રાજીવ રંજન ભગત આઇ.પી.એસ., પોલીસ અધિક્ષક, અમદાવાદ ગ્રામ્ય, અમદાવાદ નાઓને આથી મુંબઇ પોલીસ શિક્ષા અને અપીલ રૂલ્સ ૧૯૫૬ નિયમ - ૩ અન્વયે અમોને મળેલ સત્તાની રૂએ **અ.હે.કો. ગીરીશભાઇ શીવાભાઇ બ.નં. ૯૯૨ સરખેજ પો.સ્ટે..**નાઓને ફરમાવેલ એક ઇજાફો છ માસ માટે ભવિષ્યના ઇજાફાને અસર ન કરે તે રીતે અટકાવવાની સુચિત શિક્ષામાં ઘટાડો કરી રૂ.૨૫૦/- રોકડ દંડ ની શિક્ષા કરવા આખરી હુકમ કરૂ છુ.

**ક.હુ. – ક્રમાંક:મકમ/ખાત/૧૮૪/વ.૧૦૫૦૮/૨૦૧૨ તા.૨૬/૦૩/૨૦૧૨**

તમો વુ.હે.કો. કરીશમાબેન જયાનંદભાઇ બ.નં. ૫૨૨ ધંધુકા પો.સ્ટે.. નાઓએ પોતાની ફરજમાં બેદરકારી તથા નિષ્કાળજી દાખવેલ છે તે એવી રીતે કે,

Created by Neevia Document Converter trial version http://www.neevia.com

૨/- તા.૦૫/૧૦/૨૦૧૧ ના રોજ સેસન્સ કોર્ટ મિરઝાપુર અમદાવાદ ગ્રામ્ય, તરફથી અમદાવાદ ગ્રામ્ય,ના એટ્રોસીટી કેસ નં. ૫૬/૦૯ ધંધુકા પો.સ્ટે. ગુ.ર.નં. ૪૫/૦૯ ના કામે પો.ઇ.શ્રી એ.બી. વાળંદનાઓનો સમંસ બજવણી સારૂ ઇસ્યુ કરવામાં આવેલ હતો જેની મુદત તા.૦૪/૧૧/૨૦૧૧ ના રોજની હતી આ સમંસ તમો બારનીસીનુ ટેબલ સંભાળતા હોય તમોને આપેલ હતો તમોએ આ સમંસ નોંધી તમારા ટેબલના ખાનામાં રાખેલ અને તમો આ સમંસ બજવણી સારૂ જેતે અધિકારીને આપવાનુ ભુલી ગયેલા અને આ સમંસ બાબતે કોઇ કાર્યવાહી થયેલ ન હોય સમંસ વગર બજે નામદાર કોર્ટમાં પરત મોકલી આપેલ હતો આમ તમોએ આ અગત્યનો સમંસ હોવા છતા સબંધિતને બજવણી કરાવવા અંગેની કાર્યવાહી નહી કરી તમારી ફરજમાં બેદકારી અને નિષ્કાળજી દાખવેલ છે.

**<u>વિશેષ સમીક્ષા</u> :-**

કસુરદાર **વુ.હે.કો. કરીશમાબેન જયાનંદભાઇ બ.નં. ૫૨૨ ધંધુકા પો.સ્ટે..** નાઓને વંચાણ-૧ થી સીધી કારણદર્શક નોટીસ ઇશ્યુ કરવામાં આવેલ જેની બજવણી તેઓને તા.૦૭/૦૩/૨૦૧૨ ના રોજ થયેલ. તેઓએ વંચાણે - ૨ થી બચાવ નિવેદન રજુ કરેલ છે. બચાવ નિવેદનમાં તેઓએ પોતે બંદોબસ્તમાં રોકાયેલ હોવાથી તેમજ પોલીસ જાપ્તા, કેદીપાર્ટી બંદોબસ્તમાં બહાર રહેવાનુ થતુ હોય સમયસર સમંસની જાણ કરવાની રહીગયેલ કુટુંબના ભરણ પોસણની જવાબદારી પોતાના માંથે હોય દર ગુજર કરવા વિનંતી કરેલ છે. તેઓનુ બચાવ જવાબ અશંતઃ ગ્રાહ્ય રાખી નીચે મુજબ આખરી હુકમ કરૂ છુ.

**<u>આખરી હુકમ :-</u>**

હું રાજીવ રંજન ભગત આઇ.પી.એસ., પોલીસ અધિક્ષક, અમદાવાદ ગ્રામ્ય, અમદાવાદ નાઓને આથી મુંબઇ પોલીસ શિક્ષા અને અપીલ રૂલ્સ ૧૯૫૬ નિયમ - ૩ અન્વયે અમોને મળેલ સત્તાની રૂએ **વુ.હે.કો. કરીશમાબેન જયાનંદભાઇ બ.નં. ૫૨૨ ધંધુકા પો.સ્ટે..**નાઓને ફરમાવેલ રૂ. ૫૦૦/- રોકડ દંડની સુચિત શિક્ષામાં ઘટાડો કરી રૂ. ૨૦૦/- રોકડ દંડ ની શિક્ષા કરવા આખરી હુકમ કરૂ છુ.

**ક.હુ. – ક્રમાંક:મકમ/ખાત/૧૮૪/વ.૧૧૨૯૧/૨૦૧૨ તા.30/03/૨૦૧૨**

તમો **અ.પો.કો. દશરથસિહ રામસિહ બ.નં. ૫૫૬ વિ.ટાઉન પો.સ્ટે.** નાઓએ પોતાની ફરજમાં બેદરકારી તથા નિષ્કાળજી દાખવેલ છે તે એવી રીતે કે,

**૨/-** તમો તા.૨૩/૦૮/૨૦૧૧ થી તા.૨/૦૧/૨૦૧૨ સુધી દિન – ૧૩૨ સીક મેમો. લીધા સીવાય પો.સ્ટે.માં જાણ કર્યા સીવાય મનસ્વીપણે ફરજ ઉપર થી ગે.હા. પડેલા ઉપરી અધિ.શ્રી ને જાણ કરેલ નથી.

**<u>વિશેષ સમીક્ષા</u> :-**

કસુરદાર **અ.પો.કો. દશરથસિહ રામસિહ બ.નં. ૫૫૬ વિ.ટાઉન પો.સ્ટે..** નાઓને વંચાણ-૧ થી સીધી કારણદર્શક નોટીસ ઇશ્યુ કરવામાં આવેલ જેની બજવણી તેઓને તા.૦૪/૦૩/૨૦૧૨ ના રોજ થયેલ. તેઓએ બચાવ નિવેદન રજુ કરેલ નથી. જેથી તેઓની કસુર સાબીત થતી હોય નીચે મુજબ આખરી હુકમ કરૂ છુ.

**<u>આખરી હુકમ :-</u>**

હું રાજીવ રંજન ભગત આઇ.પી.એસ., પોલીસ અધિક્ષક, અમદાવાદ ગ્રામ્ય, અમદાવાદ નાઓને આથી મુંબઇ પોલીસ શિક્ષા અને અપીલ રૂલ્સ ૧૯૫૬ નિયમ - ૩ અન્વયે અમોને મળેલ સત્તાની રૂએ **અ.પો.કો. દશરથસિહ રામસિહ બ.નં. ૫૫૬ વિ.ટાઉન પો.સ્ટે.** નાઓને રૂ.૫૦૦૦/- રોકડ દંડની શિક્ષા કરવા આખરી હુકમ કરૂ છુ.

**ક.હુ. – ક્રમાંક:મકમ/ખાત/૧૮૪/વ.૧૧૩૦૨/૨૦૧૨ તા.30/03/૨૦૧૨**

તમો **શ્રી બી.કે. બારૈયા પો.સ.ઇ. કોઠ પો.સ્ટે..** નાઓએ પોતાની ફરજમાં બેદરકારી તથા નિષ્કાળજી દાખવેલ છે તે એવી રીતે કે,

**૨/-** કોઠ પો.સ્ટે. ફ.ગુ.ર.નં. ૪૨/૧૧ ઇ.પી.કો. કલમ ૩૨૪ ની તપાસ અ.એ.એસ.આઇ. હરીશચંદ્રસિહ દિલીપસિહ બ.નં. ૮૧૬ કોઠ પો.સ્ટે નાઓ કરતા હતા આ તપાસમાં ભોગ બનનારનુ સર્ટી જોતા

Created by Neevia Document Converter trial version http://www.neevia.com

ગુદામાં હવાનુ પ્રેશર મારતા આંતરડામાં ગંભિર(સિરયસ) પ્રકારની ઇજા શરીરના નાજુક અવયવ પર પંચર (કાણુ) પડેલ જે ગંભરીર પ્રકારની ઇજા હોય જેતે વખતે ઇ.પી.કો. કલમ ૩૨૬ મુજબ ગુન્હો બનતો હોય તે પ્રમાણે ગુન્હો દાખલ કરવા યોગ્ય માર્ગદર્શન આપવુ જોઇતુ હતુ જે આપેલ નથી અને ફકત ગુન્હો દાખલ કરવા સુચના કરેલ અને પોતે પણ ગુન્હો દાખલ કરવાની જરૂર હતી જે કરાવેલ નથી તેમજ આ ગુન્હા સબંધે સુપરવિઝન પણ બરોબર કરેલ નથી આમ, તમોએ ફરજ પ્રત્યે ગંભિર પ્રકારની બેદરકારી અને નિષ્કાળજી દાખવેલ છે.

<u>**વિશેષ સમીક્ષા**</u> :-

કસુરદાર **શ્રી બી.કે. બારૈયા પો.સ.ઇ. કોઠ પો.સ્ટે...** નાઓને વંચાણ-૧ થી સીધી કારણદર્શક નોટીસ ઇશ્યુ કરવામાં આવેલ જેની બજવણી તેઓને તા.૦૫/૦૩/૨૦૧૨ ના રોજ થયેલ. તેઓએ બચાવ નિવેદન રજુ કરેલ નથી. જેથી તેઓની કસુર સાબીત થતી હોય નીચે મુજબ આખરી હુકમ કરૂ છુ.

<u>**આખરી હુકમ :-**</u>

હું રાજીવ રંજન ભગત આઇ.પી.એસ., પોલીસ અધિક્ષક, અમદાવાદ ગ્રામ્ય, અમદાવાદ નાઓને આથી મુંબઇ પોલીસ શિક્ષા અને અપીલ રૂલ્સ ૧૯૫૬ નિયમ - ૩ અન્વયે અમોને મળેલ સત્તાની રૂએ **શ્રી બી.કે. બારૈયા પો.સ.ઇ. કોઠ પો.સ્ટે..** નાઓને એક ઇજાફો છ મહિના માટે ભવિષ્યના ઇજાફાને અસર ન કરે તે રીતે અટકાવવા ની શિક્ષા કરવા આખરી હુકમ કરૂ છુ.

**ક.હુ. – ક્રમાંક:મકમ/ખાત/૧૮૪/વ.૧૧૩૦૩/૨૦૧૨ તા.૩૦/૦૩/૨૦૧૨**

તમો **અ.એ.એસ.આઇ. હરીશચંદ્રસિંહ દિલીપસિંહ બ.નં. ૮૧૬ કોઠ પો.સ્ટે...** નાઓએ પોતાની ફરજમાં બેદરકારી તથા નિષ્કાળજી દાખવેલ છે તે એવી રીતે કે,

**૨/-** કોઠ પો.સ્ટે. ફ.ગુ.ર.નં. ૪૨/૧૧ ઇ.પી.કો. કલમ ૩૨૪ ની તપાસ તમો કરતા હતા આ તપાસમાં ભોગ બનનારનુ સર્ટી જોતા ગુદામાં હવાનુ પ્રેશર મારતા આંતરડામાં ગંભિર(સિરયસ) પ્રકારની ઇજા શરીરના નાજુક અવયવ પર પંચર (કાણુ) પડેલ જે ગંભરીર પ્રકારની ઇજા હોય જેતે વખતે ઇ.પી.કો. કલમ ૩૨૬ મુજબ ગુન્હો બનતો હોય તે પ્રમાણે ગુન્હો દાખલ કરેલ નથી અને તપાસ દરમ્યાન પણ ઇ.પી.કો. કલમ ૩૨૬ મુજબનો વધારો કરેલ નથી તેમજ પુરતા પુરાવા પણ ઉપલબંધ હતા તમોએ જેતે વખતે ફરીયાદી ભોગબનનારની ફરીયાદ લઇ ગુન્હો રજીસ્ટર કરવાની જરૂર હતી જે નહી કરી સર્ટી મેળવ્યા બાદ દિન - ૨૨ ગુન્હો લેટ દાખલ કરેલ આમ, તમોએ ફરજ પ્રત્યે ગંભિર પ્રકારની બેદરકારી અને નિષ્કાળજી દાખવેલ છે

<u>**વિશેષ સમીક્ષા**</u> :-

કસુરદાર **અ.એ.એસ.આઇ. હરીશચંદ્રસિંહ દિલીપસિંહ બ.નં. ૮૧૬ કોઠ પો.સ્ટે....** નાઓને વંચાણ-૧ થી સીધી કારણદર્શક નોટીસ ઇશ્યુ કરવામાં આવેલ જેની બજવણી તેઓને તા.૦૯/૦૩/૨૦૧૨ ના રોજ થયેલ. તેઓએ બચાવ નિવેદન રજુ કરેલ નથી. જેથી તેઓની કસુર સાબીત થતી હોય નીચે મુજબ આખરી હુકમ કરૂ છુ.

<u>**આખરી હુકમ :-**</u>

હું રાજીવ રંજન ભગત આઇ.પી.એસ., પોલીસ અધિક્ષક, અમદાવાદ ગ્રામ્ય, અમદાવાદ નાઓને આથી મુંબઇ પોલીસ શિક્ષા અને અપીલ રૂલ્સ ૧૯૫૬ નિયમ - ૩ અન્વયે અમોને મળેલ સત્તાની રૂએ **અ.એ.એસ.આઇ. હરીશચંદ્રસિંહ દિલીપસિંહ બ.નં. ૮૧૬ કોઠ પો.સ્ટે...** નાઓને બે ઇજાફા બે વર્ષ માટે ભવિષ્યના ઇજાફાને અસર ન કરે તે રીતે અટકાવવા ની શિક્ષા કરવા આખરી હુકમ કરૂ છુ.

**<u>વિભાગ – ૧૧- તાલીમ</u> : - નીલ**

**<u>વિભાગ – ૧૨ – ઇનામ.</u> : - નીલ**

**વિભાગ - ૧૩ - પરચૂરણ : -**

**ક.હુ. – ક્રમાંક:મકમ/રજમ/એસ.બી.-૨/વ.૧૦૧૬/૧૦૮૫૭/૧૨ તા.૨૮/૦૩/૨૦૧૨**

સૈજપુર પોલીસ હેડકવાટર્સ ખાતે ફરજ બજાવતા અ.પો.કો. સુરેશસિંહ સાબુભા બ.નં. ૧૦૭૪ નાઓ તા.૧૧/૧૦/૨૦૧૧ થી પોતાની મનસ્વીપણે ગે.હા. રહેલ જેઓને રી.પો.સ.ઇ.શ્રી સૈજપુર પોલીસ

Created by Neevia Document Converter trial version http://www.neevia.com

હેડકવાટર્સ ના જા.નં. ૧૯૪૦/૨૦૧૧ તા.૦૩/૧૨/૨૦૧૧ તથા જા.નં. ૧૦૩/૧૨ તા.૨૫/૦૧/૨૦૧૨ તથા જા.નં. ૨૧૦/૧૨ તા.૨૩/૦૨/૧૨ થી નોટીસો પાઠવી મજકુરશ્રી નાઓને ફરજ ઉપર હાજર થવા બજવણી કરવામાં આવેલ છે. તેમ છતાં આજ દિન સુધી ફરજ ઉપર હાજર થયેલ ન હોય તેઓનો માહે ૦૪/૧૨ ના માસ થી અત્રેની કચેરીએ થી બીજો હુકમ ન થાય ત્યાં સુધી પગાર અનપાસ રાખવા આથી હુકમ કરવામાં આવે છે

**સહી/-**
**(ગગનદીપ ગંભીર)**
**પોલીસ અધિક્ષક**
**અમદાવાદ ગ્રામ્ય, અમદાવાદ.**

**પ્રતિ ,**
જીલ્લાના તમામ પો.સ્ટે. તરફ.
રી.પો.સ.ઈ.શ્રી, સૈજપુર હેડ કવા.
ના.પો.અધિ.શ્રી, ધોળકા, સરખેજ, વિરમગામ.
સર્કલ પોલીસ ઈન્સ.ધંધુકા સર્કલ ધંધુકા, ધોળકા, અસલાલી, વિરમગામ.
કચેરીની તમામ શાખાઓ તરફ

**સવિનય નકલ રવાનાઃ-**
**પ્રતિશ્રી,**
૧. અધિક પોલીસ મહા.શ્રી.સી.આઈ.ડી. ક્રાઈમ અને રેલ્વે ગુ.રા.ગાંધીનગર .
૨. અધિક પોલીસ મહા.શ્રી.સી.આઈ.ડી.આઈ.બી. ગુ.રા. ગાંધીનગર.
૩. આચાર્યશ્રી પોલીસ તાલીમ મહાવિદ્યાલય જુનાગઢ.
૪. આચાર્યશ્રી પોલીસ તાલીમ શાળા વડોદરા.
૫. પોલીસ કમિશનરશ્રી અમદાવાદ શહેર.
૬. નાયબ પોલીસ મહાનિરીક્ષકશ્રી અમદાવાદ વિભાગ, અમદાવાદ.
૭. મુખ્ય પોલીસ અધિક્ષકશ્રી સંદેશા વ્યવહાર ગુ.રા.ગાંધીનગર.

**(એસ.એફ. પઠાણ)**
**કચેરી અધિક્ષક**
**પોલીસ અધિક્ષકની કચેરી**
**અમદાવાદ ગ્રામ્ય, અમદાવાદ.**

Created by Neevia Document Converter trial version http://www.neevia.com